**સુવિચાર**
આદર્શ નાગરિક બનવા માટે પરિશ્રમ કરીશ અને મારા પરિવારને સદાચારી બનાવીશ. ધર્મ જાતિવાદ કે ભાષાના ક્યારેય ભેદભાવ નહી કરું.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૧૦/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું : વિક્રમ સંવંત ૨૦૮૦ આસો સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૫૬

## પવિત્ર દશેરાનાં દિવસે મહાકાળી ગરબી મંડળ દ્વારા પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો

# બાબરામાં રામ–રાવણ વચ્ચે ઘમાસાણ યુદ્ધ

**અસત્ય પર સત્યનો હંમેશા વિજય થાય તે સાબિત કરતાં રામ-રાવણનાં યુદ્ધને નિહાળવા શહેરીજનો ઉમટી પડયા**

**ભગવાન શ્રી રામે સત્ય, ધર્મની સુરક્ષા માટે રાવણનો વધ કર્યો**

**રામે જ્યારે રાવણનો વધ કર્યો તે સમયે શહેરીજનોએ ભગવાન શ્રી રામનો જયઘોષ બોલાવ્યો**

**શહેરીજનો હોંશે હોંશે શ્રી હનુમાનજીની ગદાનો મારનો પ્રસાદ સ્વીકારતા હતા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાં મોટા રામજી મંદિર ખાતે મહાકાળી ગરબી મંડળ દ્વારા વર્ષોથી વિજયાદશ્મીના દિવસે પરંપરાગત રીતે રામ રાવણનું યુદ્ધનું આયોજન કરવામાં આવે છે જે યુદ્ધને જોવા માટે બાબરા તાલુકાના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે છે.

મહાકાળી ગરબી મંડળ દ્વારા આયોજિત રામ રાવણ યુદ્ધમાં થતી આવક પંખીને ચણ સહિતની સેવાકીય પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરવામાં આવે છે અહીં સવારથી રામજીમદિર ચોકમાં લોકોની ભીડ જામે છે. અહીં સવારે ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને સિતામાતા નગરયાત્રાએ નીકળે છે અને નગરજનો ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવે છે ભગવાનની સાથે હનુમાનજી પણ જોડાય છે. અહીં વેપારીઓ અને લોકો હનુમાનજીના હાથે એક ગદાનો પ્રહાર પ્રસાદી રૂપે સ્વીકારવા ભારે ઉત્સાહિત જોવા મળે છે તેમજ લોકોને જકડી રાખવા તેમજ લોકોને મનોરંજન પૂરૂં પાડવા બે લીંબડીના ચરિત્રોથી એક આકર્ષક ઉભું થાય છે. હો હે હો હે હો હે

**અનુસંધાન પાના ૬ ઉપર**





















### દાતાઓ અને પોલીસ પરિવારની મદદથી ગરબે ઘૂમતી બાળાઓ

# વડિયામાં ખોડીયાર ગરબી મંડળની બાળાઓ ગરબે ઘૂમી કરે છે માઁ ની આરાધના

### હજુ પણ પરંપરાગત શેરી ગરબાઓ દ્વારા ઉજવાઈ રહી છે નવરાત્રી

વડિયા, તા. ૧૨

દેશ અને વિદેશમાં હાલ માઁ આરાધના રૂપી નવલા નોરતા (નવરાત્રી)ની ઉજવણી હર્ષઉલ્લાસસાથે ઉજવવામાંઆવેત્યારે વડિયામાંપણ ૧૦ થી વધુ શેરી ગરબીઓ દ્વારા માતાજીની ઉપાસના કરવામાં આવી રહી છે ત્યારે પોલીસ સ્ટેશનની બાજુમાં જ આવેલ ખોડીયાર ગરબી મંડળમાં આવેલી નવરાત્રી આકર્ષણનું કેન્દ્ર બનતી જોવા મળી રહી છે. આ ગરબીમાં બાળાઓ સાથે માતાજીની આરાધના કરતી જોવા મળી રહી છે ત્યારે વડિયામાં પોલીસ પરિવારની ખોડીયાર ગરબી મંડળએ કોમીએકતાનુંપ્રતીકસમાનબનતીજોવા મળીછે.આગરબી મંડળમાંયુવાની મહેનતઅનેદાતાઓનાસહયોગથીરોજ ગરબેઘૂમતી બાળાઓને અને ઉપસ્થિત તમામ લોકોને અવનવી નાસ્તા રૂપે પીરસાવામાં આવે છે. કોમી એકતા પ્રતીક રૂપ આ ગરબીમાં આજે પણ પરંપરાગત ગરબા રમી બાળાઓ દ્વારા માતાજીની આરાધના કરવામા આવે છે ત્યારે આજના પાર્ટીપ્લોટના કલચરમાં હજુ પરંપરાગત સંસ્કૃતિની જાળવણી થતી જોવા મળી રહી છે.



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા



# ચલાલા : પટેલ સમાજનાં અગ્રણી ભરતભાઈ કાકડીયાનું નિધન થયું



ચલાલા, તા. ૧૨

ચલાલા કાકડીયા સમાજના મોભી અને પટેલ સમાજના અગ્રણી ભરતભાઈ કાકડીયાનું ટુંકી બિમારી બાદ દુઃખદ અવસાન થતા ચલાલા પથકમાં ઘેરા શોકની લાગણી છવાયેલ છે.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.જે. ગીડાએ શસ્ત્ર પૂજા કરી



લીલીયામોટા, તા. ૧૨

લીલીયા મોટા પોલીસ સ્ટેશનના નવનિયુકત પી.આઈ.આઈ. જે.ગીડાએ દશેરાના પર્વ નિમિતે શસ્ત્ર પૂજા કરી તેમાં શાસ્ત્રોક વિધિ દ્વારા શસ્ત્રોની પૂજા કરવામાં આવી શાસ્ત્ર પુજા, જેને આયુધ પૂજા તરીકે ઓળખવામાં આવે છે. તે એક હિન્દુ ધાર્મિકવિધિ છેજયાંજ્ઞાનઅનેશકિતના પ્રતીકોતરીકેશસ્ત્રોઅનેસાધનોનીપૂજા કરવામાં આવે છે. ત્યારે આજરોજ લીલીયા મોટા પોલીસ સ્ટેશન .ઈય આઈ.જે.ગીડા સહિત પોલીસ કર્મીઓ દ્વારા વિધિવત રીતે શસ્ત્ર પૂજા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.


### નવરાત્રિનાં માહોલમાં મેઘાવી માહોલ

# બગસરામાં વીજળીનાં કડાકા અને ભડાકા સાથે વરસાદી માહોલ છવાયો

### ગરમા ગરમ જલેબી, ગાંઠીયા વચ્ચે ઠંકક પ્રસરી

બગસરા, તા. ૧ર

બગસરામાં દશેરાને દિવસે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદી માહોલ જોવા મળ્યો(સમીર વિરાણી દ્વારા) બગસરામાં બે દિવસ થયા વરસાદે માહોલ જોવા મળ્યો છે ત્યારે દશેરાના દિવસે મીઠાઈ નો સ્વાદ ફર્યો દશેરાના દિવસે સાંજના સમયે જયાં જલેબી ને ગાંઠિયા ગરમાગરમ બનતા હોય ત્યારે વીજળીના કડાકા ભડાકા સાથે બગસરામાં રોડ ઉપર વરસાદી ઝાપટા પડતા પાણી કાઢી નાખ્યા હતા ત્યારે ઉભા પાકને પણ ભારે નુકસાન જોવા મળ્યું હતું જેમાં ખેડૂતો કપાસ ઉતારવા નું કામ ચાલુ હોય ત્યારે અચાનક વરસાદી માહોલ છવાયો હતો ત્યારે ખેડૂતોના શ્વાસ અધર ચડી ગયા હોય અને આ ઉભા પાકને નુકસાન થયેલ છે ત્યારે મોઢામાં આવેલ કોળિયો પાછો જતો રહે તેવી રીતે પણ ખેડૂતોમાં ચિંતા નો વિષય બની ગયો છે હાલ દિવાળી નજીક હોય ત્યારે દિવાળી ને લગતા કામો માં બાધા આવી છે ત્યારે કંદોઈ ની મીઠાઈમાં પણ ભારે નુકસાની જોવા મળી છે અને હવામાન ફેર થતાં વરસાદ આવતા ફરસાણ તથા મીઠાઈ બગડી જવાના ચાન્સ વધારે રહેતા હોય છે ત્યારે મીઠાઈના વેપારીઓમાં ઓછો વેપાર તથા મીઠાઈમાં નુકસાની જોવા મળી છે.





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

### વીજળીનાં કડાકા–ભડાકા સાથે દે ધનાધન

# વડિયા અને કુંકાવાવમાં સમી સાંજે એક ઈંચથી વધુ વરસાદ પડી ગયો

### ચેકડેમ, તળાવો પાણીથી છલોછલ થયા

અમરેલી, તા. ૧૨

વડિયા અને કુંકાવાવમાં ઢળતી સાંજે વીજળીનાં કડાક–ભડાકા સાથે વરસાદ પડયો હતો ઉપરવાસમાં ભારે વરસાદને કારણે વડિયા સુરવો ડેમના ત્રણ દરવાજા ૧ ફુટ ખુલવાની ફરજ પડી છે ત્યારે ડેમ પરના અધિકારીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતુ કે હજુ પણ પાણી આવક ઉપર થી શરૂ છે જેને કારણે ડેમના વધુ દરવાજા ખોલવાની પુરેપુરી શકયતાઓ છે ત્યારે વડિયા મામલતદાર અને પોલીસ દ્વારા નીચાણવાળા વિસ્તારના લોકોને ખાસ સાવચેત રહેવાની અપીલ કરવામાં આવી રહી છે.



### પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ અંતર્ગત

# રાજુલા : બાલાની વાવનાં ખેડૂતને ઉદ્યોગ કેન્દ્રનાં માધ્યમથી ૧૭.૫ લાખની સબસીડી મળી

### ખેડુત કપાસ, માંડવી અને ધાણાના વેસ્ટમાંથી બાયોકોલ તૈયાર કરી વેચે છે, ૫ થી ૬ હજાર ટનનું પ્રોડકશન

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લો એ ખેતીવાડી ક્ષેત્રે અગ્રેસર છે. જિલ્લામાં ઔદ્યોગિક પ્રગતિ થઈ રહી છે. જિલ્લાના કેટલાક ખેડૂતોએ પણ ઉદ્યોગસાહસિક બની નવી રાહ કંડારી છે.

ખેતીવાડી સાથે સંલગ્ન ઉત્પાદન અને મૂલ્યવર્ધન કરી અને પર્યાવરણના સંતુલન સાથે ઉત્પાદન કરી ઓછું પ્રદૂષણ કરતું બળતણ એટલે બાયોકોલ. રાજુલા તાલુકાના બાલાની વાવ ગામના કોઠાસૂઝ ધરાવતા ઉદ્યોગ સાહસિકે કેન્દ્ર સરકારની યોજના દ્વારા રૂ.૫૦ લાખની લોન પ્રાપ્ત કરી અને બાયોકોલનું ઉત્પાદન શરૂ કર્યુ. જોત જોતામાં તેમનું ઉત્પાદન ૦૫ થી ૦૬ હજાર ટન સુધી પહોંચી ગયું છે. આમ, સરકારની એક યોજનાએ અમરેલીના ઉદ્યોગ સાહસિકની સમૃદ્ધિના દ્વાર ખોલ્યા છે.



વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા ટોક શોમાં આમંત્રિત તરીકે પધારેલા પ્રતાપભાઈ વરૂને પ્રધાનમંત્રી એમ્પલોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (PMEG) અંતર્ગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમરેલી મારફતે બેંકમાંથી રૂ.૫૦ લાખની લોન મળી હતી. આ લોન દ્વારા તેમણે બાયોકોલ મેન્યુફેકચરીંગ પ્લાન્ટ શરૂ કર્યો હતો. ખેડૂતના આ 'સફેદ કોલસા'ની એવી માંગ છે કે અનેક કંપની તરફથી તેમને ઓર્ડર મળી રહ્યા છે. આ યોજના અંતર્ગત મળતી લોનમાં વરૂને આશરે રૂ.૧૭.૫ લાખની સબસિડી પણ પ્રાપ્ત થઈ તેના થકી તેમને લોન ભરવામાં રાહત મળી છે.

સફળતાની ગાથા વર્ણવતા તેમણે કહ્યુ કે, હું ૨૦૦–૨૨૫ની વસતી ધરાવતા ગામનો વતની છું. મને વિચાર આવ્યો કે ખેતરમાં ઉત્પન્ન થતી મગફળી, કપાસ અને ધાણાના વેસ્ટમાંથી બાયકોલ તૈયાર કરી વેચી શકાય છે. શરૂઆતમાં અમે ડિહાઈડ્રેશન પ્લાન્ટમાં આ વેસ્ટનું વેચાણ કરતા હતા જેના થકી ખૂબ સારી રીતે વેચાણ થવા લાગ્યું. આ પ્રક્રિયામાં મૂલ્યવર્ધન કરી અને બાયોકોલનો પ્લાન્ટ શરૂ કરવો હતો. પ્લાન્ટ શરૂ કરવા માટે રોકાણના પૈસા નહોતા. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મારફતથી અમને રૂ.૫૦ લાખની લોનની વ્યવસ્થા થઈ. ધીમે–ધીમે કરતા આ પ્લાન્ટમાંથી અમે વાર્ષિક ૫–૬ હજાર ટન બાયોકોલ ઉત્પાદન કરીએ છીએ. લોનમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના માધ્યમથી સરકારની સબસિડી મળી અને રૂ.૧૭.૫૦ લાખની રાહત થઈ.

વઢ તેમની આ કામગીરી થકી ૨૦–૨૨ વ્યક્તિઓને રોજગારી આપી રહ્યા છે. ઓછા ખર્ચે અને પર્યાવરણને નુકશાન ન થાય તેવી પ્રોડકટ તૈયાર કરી તેઓ વેચાણ કરી રહ્યા છે. આમ, કેન્દ્ર સરકારની એક યોજના દ્વારા રાજય સરકાર સંચાલિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રયાસોથી આ ઉદ્યોગ સાહસિકના સમૃદ્ધિના દ્વાર ખૂલ્યા છે.

સતત ૨૩ વર્ષથી વિકાસની વણથંભી કેડીઓ કંડારતા ગુજરાત રાજયમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલી વિકાસયાત્રામાં આવા અનેક લાભાર્થીઓને છેવાડાના વિસ્તાર સુધી સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મળી રહ્યો છે.

# સાવરકુંડલા : બ્રહ્મ સમાજે રતન ટાટાને રક્તદાન કેમ્પ યોજીને શ્રદ્ધાંજલિ આપી



સાવરકુંડલા, તા. ૧૨

શક્તિનવરાત્રિ મહોત્સવ દરમિયાન સાવરકુંડલા બ્રહ્મ સમાજે દેશના ધનવંત અને દેશભક્ત ઉદ્યોગપતિ રતન ટાટાજીને શ્રદ્ધાંજલિ આપવા માટે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કર્યુ હતું. આ કેમ્પમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા સંપૂર્ણ સંચાલન કરવામાં આવ્યું હતું. તેમજ સાથે સાથે તમામ બંધુઓ દ્વારા પાંચ મિનિટનું મૌન પાળ ી સાચી શ્રદ્ધાંજલિ આપી હતી તેમજ બ્રહ્મસેનાના સભ્યો અને બ્રહ્મબંધુઓએ મોટી સંખ્યામાં સ્વેચ્છાએ રક્તદાન કરીને માનવતાની સેવા કરવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

આ નવરાત્રી મહોત્સવ છેલ્લા તેર વર્ષથી સતત આયોજિત કરવામાં આવે છે તેમજ વર્ષ દરમિયાન અનેકવિધ સેવા કાર્યો કરવામાં આવે છે. આ નવરાત્રિના પ્રથમ નોરતે મુખ્ય દાતા દુષ્યંતભાઈ મનોજભાઈ ત્રિવેદી (એડવોકેટ) પરિવાર સાથે માતાજીની આરતી–પૂજા કરીને મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

આ સમગ્ર મહોત્સવ બ્રહ્મસેનાના પ્રમુખ કિરીટભાઈ મહેતા, માર્ગદર્શક ચિરાગભાઈ આચાર્ય અને પ્રોજેકટ કન્વીનર વિસભાઈ દવે તથા ઉપપ્રમુખ પુનીતભાઈ જોષી, મંત્રી મનીષભાઈ દવે તથા સમગ્ર ટીમને આ ઉત્સવને સફળ બનાવવા માટેની જહેમત ઉઠાવી રહ્યા છે. આ રક્તદાન કેમ્પ દ્વારા સાવરકુંડલા બ્રહ્મ સમાજે સમાજસેવાના ભાગરૂપે રતન ટાટાજી જેવા મહાન વ્યક્તિત્વને શ્રદ્ધાંજલિ આપવાનો પ્રયાસ કર્યો હતો.

# બાબરા : ચિત્રકૂટ સોસાયટીમાં સ્થાનિક રહીશો દ્વારા બાળાઓને લ્હાણી વિતરણ


બાબરા, તા. ૧૨

બાબરામાં ચિત્રકૂટ સોસાયટીમાં પ્રાચીન રાસ ગરબીનું આયોજનસ્થાનિકરહીશોદ્વારા કરવામાં આવે છે જેમાં સોસાયટીની બાળાઓ સહિત મહિલાઓપ્રાચીનઅનેઅર્વાચીન રાસ ગરબે રમી માતાજીની આરાધના કરે છે.

અહીં સોસાયટી રહેતા ભયલુભાઈ વાળા પરિવાર તરફથી દર વર્ષે અહીં નવરાત્રી મહોત્સવમાં સોસાયટીની તમામ બાળાઓને વિવિધ વસ્તુઓના સ્વરૂપે લ્હાણી કરવામાં આવે છે આ સિવાય વર્ષે પંકજભાઈ સોલંકી પરિવાર તેમજ મહેશભાઈ ગોહેલ પરિવાર દ્વારા પણ આ વર્ષે બાળાઓને અન્ય ચીજ વસ્તુઓની લ્હાણી સ્વરૂપે બાળાઓને અર્પણ કરવામાં આવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



# ખાંભા : દાઢીયાળી ગામે બજરંગ રાસ મંડળે પ્રાચીન સંસ્કૃતિ જાળવી રાખી









તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

નવરાત્રીમાં મા જગદંબાની આરાધના કરવા સૌ કોઈ ગરબા રમી રહ્યા છે પરંતુ આ આધુનિક યુગમાં આજ પણ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાચીન ગરબા જોવા મળે છે આજ પણ અમુક ગ્રામ્ય વિસ્તારોમાં ગોવાળિયાના વેશ પેરી ગરબા રમી રહ્યા છે પ્રાચીન ગરબા જોવા હોય તો એ પરંપરા ખાંભા ગીરના દાઢીયાળી ગામે બજરંગ રાસ મંડળ દ્વારા જાળવી રાખી છે આવો ખાંભા ગીરના દાઢીયાળી ગામે છેલ્લા ૫૦ વર્ષથી પ્રાચીન ગરબા રમવામાં આવે છે બજરંગ રાસ મંડળ દ્વારા આ ગરબા લેવામાં આવે છે ચોરણી અને દેશી ભરતના કેડીઆ સાથે માતાજીની આરાધના કરવામાં આવે છે વિવિધ પ્રકારે રાસ ગરબી લેવાય છે અને તબલા મજીરા અને ઢોલ સાથે દેશી ગરબા ગવડાવવામાં આવે છે જેને જોવા અને સાંભળવા દૂર દૂરથી લોકો આવે છે અને આ બજરંગ રાસ મંડળ ભાવનગર રાજકોટ જુનાગઢ સહિત શહેરોમાં દર નવરાત્રીમાં રાસ ગરબા રમવા જાય છે અને ગીર કાંઠાના છેવાડાના દાઢીયારી ગામે આજે પણ આ રાસ મંડળને જોવા એકવાર આવે છે કારણ કે હવે આ પ્રાચીન ગરબા જોવા એ દુર્લભથતા જાય છે ત્યારે બજરંગ રાસ મંડળમાં જુની પરંપરા જાળવી રાખી છે. બજરંગ રાસ મંડળ અમરેલી જિલ્લામાં કક્ષાએ પ્રથમ નંબર આવેલ છે અને બજરંગ રાસ મંડળ નવરાત્રીમાં અલગ અલગ શહેરોમાં રમવા જાય છે અને પોતાની કલા દેખાડી અનેક શહેરોના શિલ્ડ પ્રાપ્ત કરેલ છે દેશી અને પ્રાચીન ગરબાની પરંપરાને જોવા દૂર દૂરથી લોકો આવે છે પરંતુ વર્ષો સુધી આ પ્રાચીન ગરબાની તાલીમ અને એની હલક જોવા પણ અને શીખવા પણ અનેક યુવાનોને બાળકો દાઢીયાળી આવે છે ત્યારે આ માતાજીના ગીતો ગરબાઓ ગાઈને છંદ દુહા અને તબલા મંજીરાના તાલે રમઝટ બોલાવતા જય બજરંગ રાસ મંડળના ગાયન વૃંદ અને ખેલૈયાઓનો ઉત્સાહ અને શ્રદ્ધા કંઈક અલગ જ જોવા મળે છે.

## દેશનાં પાંચ કરોડ પરિવારો સોનુ ખરીદે, કાર ખરીદે એટલે મોંઘવારી નથી તે સાબિત થતું નથી

# ૨૦ ટકા અમીરોની જાહોજલાલી નીચે ૮૦ ટકા ગરીબોની હાલત છુપાઈ

**રાજમાર્ગો પર એક આલીશાન કાર પસાર થાય તો સૌની નજર પડે પણ સેંકડો સાયકલ સવારો, ટુ-વ્હીલરો કે પગપાળા જતાં નાગરિકો કોઈને નજરે ચડતા નથી**

**માત્ર ૨૦ ટકા પરિવારોની લાઈફ સ્ટાઈલ નિહાળીને દેશ વિકાસ કરે છે તે માનવું ભુલ ભરેલું**

**૮૦ કરોડ નાગરિકો મફતમાં અનાજ લેવા મજબુર હોય તે વર્તમાન સરકારની પોતે આપેલી સાબિતિ છે**

**આલીશાન માર્ગો પર ભવ્યાતીભવ્ય બંગલાઓ કે મોલની પાછળ હજારો પરિવારો મુશ્કેલીભર્યુ જીવન પસાર કરે છે તે ભુલવું ન જોઈએ**

પ્રતિકાત્મક તસ્વીર









અમરેલી, તા. ૧૨

ભારત દેશની વર્તમાન જનસંખ્યા ૧૪૦ કરોડનો આંક વટાવી ચુકી છે અને એક પરિવારમાં સરેરાશ પાંચ વ્યકિતઓ હોય દેશમાં ૩૫ કરોડ પરિવારો વસવાટ કરે છે અને તેમાંથી માત્ર ૭ કરોડ પરિવારનાં ૩૫ કરોડ નાગરિકોજાહોજલાલીમાંજીવન પસાર કરે અને ૧૦૦ કરોડ જેટલા નાગરિકો મફતમાંઅનાજ કેઅન્યસરકારનીમદદ લેવા મજબુર બન્યા હોય તો તે માટે વર્તમાન સરકારની નિષ્ફળ અર્થનીની જવાબદાર છે.

પ્રધાનમંત્રીનરેન્દ્રમોદી ૧૦ વર્ષ પહેલા યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં જાહેર પ્રવચનમાં કહેતા હતા કે સરકાર ગરીબો માટે હોય છે. સરકારે જ ગરીબોને વિવિધ મદદ કરીને મધ્યમવર્ગમાં અને મધ્યમવર્ગને અમીરીમાં પહોંચતા કરવાનો હોય છે.

પરંતુઅફસોસજનકબાબત એછે કે દેશનાં ૩૫ કરોડ પરિવારોમાંથી માત્ર ૭ કરોડ પરિવાર જ અમીરીનો સ્વાદ માણી રહ્યા છે અને તેઓ મોંઘી કાર, બંગ્લો ખરીદે કે પછી પાર્ટીઓમાં માહોલતાં જોવા મળે એટલે એ કહી સાબિત થતું નથી કે ભાજપ દેશ આર્થિક રીતે સમૃધ્ધ બન્યો છે.

મીડિયાજગતથી લઈને મનોરંજક ચેનલો કે અન્ય કોઈ જાહેર કાર્યક્રમોમાં જે અમીરીનાં દર્શન થાય છે તેવા પરિવારો મુઠ્ઠીભર છે. પરંતુ તેવા પરિવાર જાહેર માર્ગ પર આલીશાન કાર લઈને પસાર થાય તો સૌની નજર પડે પરંતુ પગપાળા, સાયકલ કે ટુ-વ્હીલર પર પસાર થનાર નાગરિકો ઉપર કોઈની નજર પડતી નથી.

મુંબઈ જેવા નગરમાં ૧૦થી ૨૦ નાગરિકોને અમીરી મળી છે તો ધારાવીની ઝુંપટટ્ટમાં ૧૦ લાખ નાગરિકો કેવી રીતે જીવન પસાર કરે છે તેના ઉપર કોઈની નજર પડતી નથી, ફ્લાયઓવર, મસમોટા મોલ, મલ્ટીપ્લેક્ષ થિયેટર નિહાળીને સૌ આશ્ચર્યચકિત થાય છે. પરંતુ તે મોલ કે ફલાય ઓવરની આજુબાજુ, આગળ-પાછળ કેટલા ગરીબ પરિવારોને બે ટંકનું ભોજન મળવું મુશ્કેલ છે તે કોઈ જાણતું નથી અને જાણવાનો પ્રયાસ પણ કરતા નથી.

કેન્દ્ર સરકાર સરાજાહેર દેશનાં ૮૦ કરોડથી વધુ નાગરિકોને મફતમાંઅનાજ તો દેશનાં કરોડો ખેડૂતોને દર મહિને રૂપિયા ૫૦૦ રૂપરડી આપતી હોવાનો ગર્વ અનુભવે છે. આ બાબત ગૌરવરૂપ નથી બલ્કે સરકાર માટે શરમજનક છે. સરકારે દેશમાં શિક્ષણ, આરોગ્ય, રોજગારી માટે ગંભીરતા દાખવીને દેશમાં રોકેટ ગતિએ ગરીબી ઘટે તે માટે પ્રયાસ કરવો પડશે.

### નવરાત્રી અને દશેરા પર્વ નિમિત્તે

## ધોમગીરી આશ્રમના મહંત દ્વારા ૧૦૦ દિકરીને સુવર્ણદાન કરાયુ

**ગાયો અને બાળકોની સેવામાં અગ્રેસર કામગીરી પૂ. બાપુ દ્વારા કરવામાં આવે છે**



લીલીયા, તા. ૧૨

નવરાત્રી પર્વ અને દશેરા પર્વ નિમિતે ધોમગીરી આશ્રમના મહંત મધુરામબાપુ ગુરૂ આત્મા રામબાપુ કે જેઓ હંમેશા ગાયો, ખુટીયા સહિત નાના બાળકોની સેવામાં અગ્રેસર રહી કામગીરી કરે છે તેવા મધુરામબાપુ દ્વારા આજે નવરાત્રી અને દશેરા પર્વની ઉજવણી પ્રસંગે નવી કાત્રોડી પ્રાથમિક શાળા અને કે જીબીવી કાત્રોડીની ૧૦૦ દિકરીઓને સુવર્ણદાન આપવામાં આવ્યું હતું. જેમાં સોનાની નાકની ચુક ડ્રાયફુટ અને ચોકલેટ અને કટલેરી કીટ ભેટમાં આપવામાં આવેલ. આ નિમિતે ધોમગીરી બાપુ અને સહયોગી હર્ષદભાઈ અને તેમના પરિવારનો નવિકાત્રોડી પ્રાથમિક શાળા અને કેજીબીવી દ્વારા આભાર માનવામાં આવેલ સમગ્ર આયોજન પરેશભાઈ જાની સહિત સ્ટાફ પરિવાર દ્વારા કરવામાં આવેલ.

## સાવરકુંડલા : કલા ઉત્સવમાં દોશી હાઈસ્કૂલનો દબદબો



સાવરકુંડલા, તા. ૧૨

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીની બહેનોએ જિલ્લા કક્ષાના કલાઉત્સવમાં અંધશાળા અમરેલી, મુકામે ભાગ લીધો હતો. જેમાં વાદ્ય સંગીત સ્પર્ધામાં પંડયા શ્રેયાબેન ધર્મેશભાઈ દ્વિતીય નંબર, નૃત્યમાં નિમાવત નિરાલીબેન યોગેશભાઈ પ્રથમ નંબર, થિયેટર/ડ્રામા સ્પર્ધામાં જોષી પ્રિયાંશીબેન હર્ષદભાઈ દ્વિતીય નંબર, પરંપરાગત વાર્તા વાંચન - પરડવા ખુશીબેન મોહનભાઈ તૃતીય નંબર, પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. હવે પછી જિલ્લા કક્ષાનું પ્રતિનિધિત્વ - નિમાવત નિરાલીબેન યોગેશભાઈ કરશે અને ઝોન કક્ષાએ ભાગ લેવા જશે . તૈયારી કરાવનાર ઉત્સાહી અને કાર્યશીલ પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા તેમજ શિક્ષક લાલજીભાઈ રાઠોડે ભારે જહેમત ઉઠાવી હતી.

નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે વિદ્યાર્થીની બહેનોને ખૂબ - ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

### ધારાસભ્ય જે.વી. કાકડીયાની આગેવાનીમાં

## ચલાલા ખાતે ભાજપ પરિવાર દ્વારા સદસ્ય અભિયાન કામગીરી શરૂ

**સ્થાનિક આગેવાનો પણ અભિયાનમાં જોડાયા**

ચલાલા, તા. ૧૨

ભારત દેશમાં રાજકીય કદ વધારવા માટે લોકમપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી એ ભારતીય જનતા પાર્ટીના સદસ્ય બનાવવા માટે પુરા ભારત દેશમાં ‘‘સદસ્યતા’’ અભિયાન ચાલુ કરવામાં આવેલ છે. અમરેલી જીલ્લા ભાજપના માર્ગદર્શન મુજબ ચલાલા શહેર ભાજપ મંડળ દ્વારા ધારાસભ્ય જે.વી.કાકડીયાની આગેવાનીમાં ચલાલા નગરમાં છેલ્લા એક મહિનાથી શહેર ભાજપના તમામ મોરચાઓના વરિષ્ઠ કાર્યકર્તાઓ સદસ્યતા અભિયાનમાં નિષ્ઠાપુર્વક કામે લાગી શહેરમાં દુકાને..દુકાને.. અને ઘરે..ઘરે.. ફરી લોકો સાથે સંવાદ કરી ભારતીય જનતા પાર્ટીના સદસ્ય નોંધી રહ્યા છે. ત્યારે આજે ધારાસભ્ય જે.વી.કાકડીયા પાર્ટીના કાર્યકરોને સાથે



લઈ શોંપીગ સેન્ટર અને મેઈન બજારમાં દુકાને દુકાને ફરી વેપારી મિત્રનો સંપર્ક કરીને ભારતીય જનતાપાર્ટીના સદસ્ય નોંધ્યા હતાં. વેપારીઓએ ધારાસભ્યને હોંશભેર વધાવ્યા હતા.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

મકાન વેચવાનું છે
૪- બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર-પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.
ચિતલ રોડ, તપોવન પાર્ક
સંપર્ક : ૮૨૦૦૬ ૩૮૬૨૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
હોલસેલ..... હોલસેલ......
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઈ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨






Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

# અમદાવાદ : રાજ્યનો પ્રથમ સહકારી મોલ ''ગુજકો માર્ટ''નો દબદબાભેર પ્રારંભ



ગુજરાત રાજ્યની પહેલી સહકારી સુપર માર્કેટ 'ગુજકો માર્ટ'નો અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર શુભારંભ થયો છે. ગુજરાત કો– ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન–ગુજકોમાસોલ દ્વારા આ સહકારી સુપરમાર્કેટ–મોલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસન નેતૃત્વકાળને ૨૩ વર્ષ પૂર્ણ થવા પર રાજ્યભરમાં વિકાસ સપ્તાહ ઊજવાઈ રહ્યું છે ત્યારે ગુજરાતમાં 'સહકારી સુપર માર્કેટ' રિટેલ ચેઈનના વિકાસની દિશા ખૂલી છે. સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી તેમજ ગુજરાત સ્ટેટ કો–ઓપરેટિવ બેંકના ચેરમેન અજયભાઈ પટેલ દ્વારા આ સહકારી સુપર માર્કેટ–ગુજકો માર્ટને જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. ગુજકો માર્ટના લોકાર્પણ પ્રસંગે દિલીપ સંઘાણીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવા માટે સહકારથી સમૃદ્ધિ સંકલ્પ આપ્યો છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં મોડેલ બાયાલોજ અમલમાં લાવીને પૈકસને વધુ મજબૂત બનાવવા વિવિધ ક્ષેત્રમાં કામ કરવાની સત્તાઓ આપી છે જેને અનુસંધાને ગુજકોમાસોલ દ્વારા ગુજકો માર્ટનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં ઓર્ગેનિક ધાન્ય, મીલેટને પ્રોત્સાહન તેમજ આત્મનિર્ભરતાનો રાહ ચીંધ્યા છે. આ માર્ગે આગળ વધીને ગુજકોમાસોલ રાજ્યના ખેડુતોને મદદરૂપ થઈ શકે તે માટે ગુજકો માર્ટનો પ્રારંભ કરાયો છે. તેમણે વધુમાં કહ્યું કે અલગ અલગ ખેત ઉત્પાદન જે જીલ્લામાં થતું હોય તેનું મુલ્યવર્ધન (વેલ્યુ એડિસન) કરીને લોકો સમક્ષ મૂકવા માટે ગુજકોમાસોલ કાર્યરત છે. ગુજકો માર્ટના માધ્યમથી લોકોને ગુણવત્તાવાળી, શુદ્ધ, મૂલ્યવર્ધક અને કિંમતમાં પરવડે તેવી પ્રોડકટ આપવાનો પ્રયાસ કર્યો છે. નાના–મોટાં નગરો અને મહાનગરોમાં સારા લોકેશન પર ગુજકો માર્ટ સુપર માર્કેટ ખોલવાનું આગામી આયોજન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેંકના ચેરમેન અજય પટેલે કહ્યું કે, ઓર્ગેનિક ફાર્મ પ્રોડકટના માર્કેટિંગ અને સેલિંગ માટેનું એક કોમન પ્લેટફોર્મ ગુજકો માર્ટના માધ્યમથી ખેડૂતોને મળી ગયું છે. આ પ્રસંગે પૂર્વ મંત્રી કૌશિકભાઈ પટેલ, ગુજકોમાસોલના ઉપાધ્યાક્ષ બિપિન પટેલ (ગોતા), ગુજરાત સહકાર સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન, ગુજકોમાસોલના પૂર્વ ઉપાધ્યક્ષ ગોવિંદભાઈ પરમાર તથા ગુજકોમાસોલ ડીરેકટરો સહિતના સહકાર ક્ષેત્રના મહાનુભાવો, ખેડુતો અને લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

### મેન્ગ્રુવનાં વૃક્ષો અને દરિયાઈ જીવ પર જોખમ ઉભુ થયું

## જાફરાબાદ શહેરમાંથી એકત્ર કરવામાં આવેલ ગંદકી ભરતી વખતે દરિયામાં ગરકાવ થતાં રોષ

### પાલિકાના શાસકોએ ગંદકીનો યોગ્ય ઉકેલ કરવો જરૂરી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ પાલિકા દ્વારા જુદા–જુદા વિસ્તારોમાંથી એકઠો થતો કચરો જયાં નાખવામાં આવે છે. તે વિસ્તારમાં મોટી માત્રામાં મેન્ગ્રુઝના વૃક્ષો તથા દરિયાઈ પાણીની જળ સપાટી હોય ત્યાં દરિયાઈ ભરતી સમયે દરિયાઈ પાણી આવી ચડતા અહીં અનેક વિસ્તારોમાંથી એકઠો કરેલ ગંદવાડો પાલિકાના વાહનો દ્વારા ઠલવાઈ રહ્યો હોય આ પ્લાસ્ટિક તથા અન્ય ગંદવાડો જયારે દરિયાઈ ભરતી સમયે તણાઈને મેન્ગ્રુઝના વૃક્ષો માં તથા દરિયાઈ ખાંડી સુધી પહોંચી જવાથી માછીમારોના જાળમાં તથા દરિયાઈ પાણી ની ભરતી ઓછી તથા તમામ કચરો તણાઈ દરિયાના પેટાળ સુધી પહોંચી સમુદ્ર સુધી જતો હોવાથી દરિયાઈ જીવસૃષ્ટિ ઉપર ખતરો હોય અને મેન્ગ્રુઝ વૃક્ષો આ ગંદકીના કારણે સુકાઈ જતાં હોય અને ગુજરાત ફિશરીઝ એકટ ૨૦૦૩ની કલમ ૨૪ માં દર્શાવેલ દરિયાઈ વિસ્તારમાં કચરો ઠલવો કે પ્રદુષણ ફેલાવું તે ગંભીર ગુન્હો પરંતુ તમામ કાયદાઓની ઐસીતૈસી થાય છે. અહીં સી.આર. ઝેડ. દરિયાકાંઠા નિયમન વિસ્તાર નોટીફિકેશન તથા કોસ્ટલ રેગ્યુલેશન ઝોન નોટિફીકેશન દરિયાકાંઠાના પર્યાવરણની સુરક્ષા કરવી તથા દરિયાઈ જીવસૃષ્ટિ જાળવણી કરવી તથા દરિયાઈ જીવસૃષ્ટિ અને કીનારાના પર્યાવરણ સામે અનેક જોખમો ઉભા થયા છે. ત્યારે આ કાયદાથી અનેક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકેલ છે. પરંતુ જાફરાબાદ પાલિકાને આ કોઈ કાયદાઓ નડતા નથી સી.આર. ઝેડ. વિસ્તાર હોય અને અહીં મેન્ગ્રુઝના વૃક્ષો હોય તેમજ દરિયાઈ ભરતી અહીં સુધી આવવાથી આ ખડકાયેલો ઉકરડાનું દરિયાઈ પાણીના પ્રવાહમાં તણાઈ દરિયાઈ ખાડી સુધી જવાથી માછલીઓના ઈંડાઓને તથા મછલીઓને તથા મેન્ગ્રુઝના વૃક્ષોમાં પ્લાસ્ટિક વીંટળાઈ જવાથી મેન્ગ્રુઝ (ચેર) ના વૃક્ષો પર સુકાઈ રહ્યા છે. પરંતુ પાલિકાના ધ્યાન ઉપર આવતું નથી જાફરાબાદ નગરપાલિકા દ્વારા આ કચરો અહીંથી હટાવવામાં નહીં આવે તો સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરામાં રામ–રાવણ વચ્ચે

ના દેકારા સાથે લીંબડીના પાત્રો લોકોની પાછળ દોડે છે અને લોકો ભાગે છે. લગભગ ત્રણ કલાકે ભગવાન શ્રી રામ નગરયાત્રા પૂર્ણ કરી રામજી મંદિર ચોકમાં પરત ફરતા યુદ્ધ જામે છે. લંકાપતિ રાવણ અને ભગવાન શ્રી રામની વચ્ચે ઘમાસાણ યુદ્ધ જામે છે અડધો કલાક સુધી જામતું હોય છે અને યુદ્ધમાં લંકાપતિ રાવણનો ભગવાન શ્રી રામના એક બાણથી વધ થતા લોકો જય શ્રી રામનો જય ઘોષ કરવા લાગે છે ભગવાન શ્રી રામના જય ઘોષ સાથે વાતાવરણ ગુંજી ઉઠે છે.

અહીં રામ–રાવણ યુદ્ધ દરમિયાન મોટા રામજી મંદિર ચોકથી મુખ્ય આડી બજાર શિવાજી ચોક સુધી હજારો ની સંખ્યામાં લોકો યુદ્ધ જોવા ઉમટે છે, ભારે ટ્રાફિક જામ થાય છે. બાબરા પોલીસ દ્વારા સમગ્ર યુદ્ધ દરમિયાન પૂરતો બંદોબસ્ત જાળવે છે.

## રાજુલાના ૨૨ આરોગ્ય કેન્દ્રો ખાતે આયુષ્માન આરોગ્ય શિબિર યોજાઈ





રાજુલા, તા. ૧૨

આયુષ્માન ભવ: અભિયાન અંતર્ગત તાલુકા હેલ્થ કચેરી રાજુલા તળેના ૨૨ આરોગ્ય કેન્દ્રો ખાતે આયુષ્માન આરોગ્ય શીબીરનું આયોજન કરવામા આવ્યુ હતું. જેમા ૧૨૪૦ લાભાર્થીઓ દ્વારા શીબીરનો લાભ લઈ લોકોને આરોગ્યની વિવિધ યોજનાઓની માહિતી અપાઈ હતી.

જીલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોષીના માર્ગદર્શન હેઠળ રાજુલા તાલુકાના ચાંચ, કાતર, બાબરીયાધાર અને ડુંગર સહિતના ૨૨ આરોગ્ય કેન્દ્રો ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા સહિતની ટીમ દ્વારા આયુષ્માન આરોગ્ય શીબીરમાં બિનચેપી રોગોનુ સ્ક્રીનીંગ અને સારવાર, માતા અને બાળ આરોગ્ય સેવાઓ, હેલ્થ આઈ.ડી.કાર્ડ, આયુષ્માન કાર્ડ, ટીબીનું સ્ક્રીનીંગ અને સારવાર, આયુષ સેવાઓ, યોગા, મેડિટેશન અને પોષણ જેવી વિવિધ વેલનેસ પ્રવુતિઓ દ્વારા લોકોની સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવામા આવ્યા હતા.


આયુષ્માન આરોગ્ય શીબીરને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.વી.કલસરીયા, મેડિકલ ઓફિસરો, કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો અને આરોગ્ય સ્ટાફ દ્વારા ફરજ બજાવી સ્થળ પરજ લોકોને આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવામા આવી હતી જે યાદીમા જણાવેલ છે.

### ફરસાણ – મિઠાઈની દુકાનોમાં ભીડ જોવા મળી

## અમરેલી–સાવરકુંડલા સહિત સમગ્ર જીલ્લામાં ''દશેરા'' પર્વની આસ્થાભેર ઉજવણી

### મિઠાઈની સાથે બેકરી પ્રોડકટ અને ચોકલેટનું પણ થયું વેચાણ





સાવરકુંડલા, તા. ૧૨

ભારતીય કેલેન્ડર પ્રમાણે આ વખતે તિથિઓ સવારથી રાત્રિ સુધી આખો દિવસ આવતી નથી. જેમ કે ગઈકાલ હવનાષ્ટમી, દુર્ગાષ્ટમી નિમિત્તે માતાજીના હવન થયા હતા તેમજ ઘરે ઘરે પરંપરાગત ઘઉંની લાપસી, ખીચડી, બાફેલા મગ, તલવટ, નારિયેળ વગેરેના નૈવેદ્ય માતાજીને ધરાવીને અનેક પરિવારોએ ભેગા મળીને પ્રસાદ લીધા હતા. સદીઓથી ઘરે ઘરે માતાજીના ગરબાનું સ્થાપન થતું હોય છે. આજે સવારે ૧૧ વાગ્યે શાસ્ત્રોકત રીતે નવરાત્રિની પૂર્ણાહુતિ થાય છે અને દશેરાનો આરંભ થાય છે જે રવિવારે સવાર સુધી ચાલશે. આમ, માતાજીની ભક્તિનું પર્વ આજે પૂર્ણ થાય છે.

સાવરકુંડલાના વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણ શાસ્ત્રી જીતેન્દ્રભાઈ ખીરા તથા અનિલભાઈ ખીરાના મતે ગરબો વળાવવાનું મૂહુર્ત શનિવાર સાંજે ૬:૧૯ થી ૭:૫૧ કલાક સુધી રહેશે. સાવરકુંડલા શહેરમાં આજરોજ ઉત્સાહ અને ઉમંગ વધારતું વિજયાદશમીનું પર્વ ધામધૂમથી અને પરંપરાગત રીતે ઉજવાતું જોવા મળેલ. આજે વિજયાદશમી પર્વના દિવસે સાવરકુંડલાના શહેરીજનો ફાફડાં, જલેબી સહિત વિવિધ ફરસાણ અને મિઠાઈની ખરીદી કરવા માટે પડાપડી કરતાં જોવા મળ્યા. જોકે હવે દિનપ્રતિદિન મિઠાઈ સાથે કુછ મીઠા હો જાયે એવી ચોકલેટ અને બેકરી પ્રોડકટ પણ વેચાણ થતી જોવા મળે છે. શહેરમાં ઠેર ઠેર કંદોઈઓની દુકાને મંડપ નાંખવામાં આવ્યા છે. આજે વિજયાદશમી પર્વ પર શસ્ત્રપૂજનના કાર્યક્રમો યોજાશે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ, સંસ્કૃત શકિત ગુરૂકુળ, રક્ષાશકિત સ્કૂલ સંયુકત નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ની શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં દીકરીઓ સુંદર ગરબા, આરતની થાળી, દાંડિયા શણગારીને આવી હતી. જેની સ્પર્ધા યોજાઈ હતી તેમજ બધા દીકરા દીકરીઓ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને રાસની રમઝટ બોલાવી હતી. બેસ્ટ રાસ બેસ્ટ ડ્રેસ બેસ્ટ દાંડિયા બેસ્ટ ગરબા બેસ્ટ આરતીની થાળી શણગારીને આવેલ વિદ્યાર્થીઓને ઈનામ આપે પ્રોત્સાહિત કરયા હતાં. સંસ્થાના વડા પૂ. ડો. રતિદાદાએ બધા દીકરા દીકરીઓને નવરાત્રી મહોત્સવની શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# રાજુલા : રાજગોર બ્રાહ્મણ અને સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શિવાનંદ સરસ્વતી બાપુ ની ૭૩ મી નિર્વાણ તિથિ ઉજવાશે

રાજુલા, તા. ૧૨

અખિલ ભારતીય સમસ્ત સાધુ સમાજના પ્રમુખ સુરેવ ધામ ચાપરડા મુક્તાનંદ બાપુ અને વાંકુનીધાર વાળા રામબાલક દાસ બાપુ ના શિષ્ય કરૂણા નિધાન બાપુ અને કેસરી નંદન હનુમાનજી મહારાજ મંદિર ના સનાતન દાસ બાપુની ઉપસ્થિતીમાં રાજુલા શહેરના સન્યાસ આશ્રમમાં વર્ષોની પરંપરા મુજબ મત્પૂજયપાદ ૧૦૮ સ્વામી શિવાનંદ સરસ્વતીજી રેવાદાસ બાપુની પુણ્યતિથિ ની ઉજવણી રાજગોર બ્રાહ્મણ અને સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા કરવામા આવશે. સ્વામીજીનું જીવન ચરિત્ર પર નજર કરીએ તો શ્રી સ્વામી ભાગવતાનંદજી મહારાજ કે જે સ્વામી શિવાનંદ મહારાજના ગુરૂ હતા તેમણે સમકાળમાં વિક્રમ સવંત ૧૯૩૦ ના વર્ષમાં વડીયા શહેરમાં કૌશિક ગોત્રમાં આ મહાવીર રાગ વિભૂતિ નો પ્રાદુર્ભાવ થયો હતો પિતાનું નામ ત્રિકમજી મહારાજ માતાનું નામ જાનબાઈ હતું બંને જણા પવિત્ર સ્વભાવના હતા ત્રિકમજી મહારાજ રાજયના પુરોહિત હતા અને મહાદેવજીના એકનીષ્ઠ ભક્ત હતા. જેમને સેવાદાસ કહીને પણ બોલાવતા મહાદેવજીની પૂજા ઉપાસના નિત્ય પૂર્વક કરતા હતા.

એમનો સંયમ વધુ દ્રઢ થયોપોતે ઘરમાં રહી એક સન્યાસી ને શોભે તેવું જીવન વ્યક્ત કરતા હતા.

સાવરકુંડલા અમરેલી ભાવનગર મહુવા સિહોર જતા સ્વામીજીની જન્મભૂમિ વડિયા શહેર છે જયાં ભક્તોએ એક આશ્રમ અને સભા હોલ બનાવી આપેલ સ્વામીજીને રાજુલા વધુ પ્રિય હતું જેથી તેઓ અહીં વધુ આવતા અહીંના શેઠ ભગવાન ગોપાલજી દુર્લભદાસ વોરા પ્રાણજીવન સંઘવી મોહનભૂતા માધવજી મંગળજી મહેતા શેઠ ચકુ ભુતા આ બધાએ મળ ીને રાજુલામાં આશ્રમ બંધાવી આપેલ આશ્રમ ખૂબ જ સુંદર અને રમણીય છે સ્વામીજીને પોતાનું સ્વાસ્થ્યસ્થ્ય નરમ જણાતા હતા પોતે રાજુલા પધારવાનો વિચાર કર્યો રાજુલામાં દવા કરી ચાતુર્માસમાં તકલીફ વધી તાવ આવ્યો વૈદ વિગેરેની દેવા ચાલુ હતી પરંતુ આરામ જણાવતો ન હતો આખરે સવંત ૨૦૦૭ના આસો સુદ શુક્રવાર ના રોજ ૧:૩૦ વાગે બધા સંતો ભકો ની હાજરીમાં બહુ શાંત સ્વભાવે સ્વામીજીએ પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો ગામના લોકોને સમાચાર મળતા ગામમાં હડતાલ પડી ગામ હિબકે ચડ્યું વિધિવત પૂજન કર્યું અભિષેક કર્યો પાલખીને શણગારી ગાતા બજાવતા શહેરમાં ધામધૂમથી પાલખીને ફેરવી અને આશ્રમમાં જ સ્વામીજીને સમાધિ આપી ત્યાં સારૂ એક દેવાલય બનાવેલ છે જયાં નિત્યક્રમે પૂજા પાઠ થાય છે છેલ્લા ૩૫ વર્ષથી કાંતિલાલ જાની આશ્રમમાંસેવા પૂજા કરે છે અને દર વર્ષે આસો સુદ બારસના દિવસે આશ્રમમાં પૂજય બાપુની પુણ્યતિથિ સંતો મહંતો સેવકોની ઉપસ્થિતિમાં ઉજવાય છે.

આ નિર્વાણ તીથીમા બાપુ ના તમામ સેવકો દ્વારા લોકો ને આવવા અને પ્રસાદ લેવા માટે આમંત્રણ આપે છે.

# 'વિશ્વ દીકરી દિન' નિમિત્તે કવિતા

કાશ મારે દીકરી હોત !
જાતના આટલી બેફિકરી હોત,
પરાણે વ્હાલી લાગતી લાડકડી હોત.

મારા પીડાને મારતી મારકણી હોત,
કાશ મારે ઢીંગલી હોત !


મોજ ને ફકત મોજ નકરી હોત,
જો મારે ય પરી હોત.

ઉનાળે બરફની પાટ,
શિયાળે હૂંફાળી સગડી હોત.

રાવણના હાથે સીતાની રાખડી હોત,
કાશ રાવણને ય દીકરી હોત !

ગોપીઓને કાન્હો ના છોડી ગયો હોત,
જો કાન્હાનેય દીકરી હોત !

જાતના આટલી અહમે વકરી હોત,
સિંહ સમો હું માંડવે બકરી હોત.



જમાઈની પાદુકા પ્રેમે પકડી હોત,
કરૂણમંગલ વિદાયની ઘડીઓ હોત.

હું ય સૌથી મોટો દાનેશ્વરી હોત,
કન્યાદાનની તક મળી હોત !

જાન સાથે જાન નીકળી હોત.
હું વાંઝિયો, પુરીશ વહુમાં આ ખોટ.

'પુત્ર થી વધુ'માં જ મળશે દીકરીની
શોધ.

## નાયબસિંહ બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી બનશે

# નાયબસિંહ સૈની હરિયાણાના મુખ્યમંત્રી તરીકે પદ ગ્રહણ કરશે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં નાયબસિંહ સૈની લેશે

ચંદીગઢ, તા.૧૨

નાયબ સિંહ સૈની ૧૭ ઓક્ટોબરે હરિયાણાના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના તમામ વરિષ્ઠ અધિકારીઓ હાજરી આપશે. સૈનીનો શપથ ગ્રહણ દશેરા ગ્રાઉન્ડ સેક્ટર ૫ પંચકુલામાં સવારે ૧૦ વાગ્યે થશે. નાયબ સિંહ સૈની ૧૭ ઓક્ટોબરે સવારે ૧૦ વાગ્યે પંચકુલામાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. કેન્દ્રીય મંત્રી અને હરિયાણાના પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટરે કહ્યું કે, 'અમને પ્રધાનમંત્રીની મંજૂરી મળી ગઈ છે કે મુખ્યમંત્રી અને મંત્રી પરિષદ ૧૭ ઓક્ટોબરે પંચકુલામાં શપથ લેશે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વરિષ્ઠ નેતાઓ અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે.'નાયબ સિંહ સૈનીએ માર્ચમાં પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરને રિપ્લેસ કરીને મુખ્યમંત્રી પદ સંભાળ્યું હતું. આ બીજી વખત હશે જ્યારે તેઓ રાજ્યના મુખ્યમંત્રી બનશે. આગામી લોકસભાની ચૂંટણી પહેલા સૈનીની નિમણૂકથી હરિયાણાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. સૈની ઓબીસી સમુદાયના હોવાથી ભાજપે રાજયમાં સામાજિક સમીકરણોનું ધ્યાન રાખ્યું છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં બીજેપીના સામાજિક સમીકરણ અને રણનીતિ કામ કરી ગઈ. જેના કારણે ભાજપે ૪૮ બેઠક સાથે મોટી જીત હાંસલ કરી છે. હરિયાણામાં બીજેપી સતત ત્રીજી વખત સરકાર બનાવશે.

## ખડગેએ ભાજપ અને વડાપ્રધાન પર પણ નિશાન સાધ્યું

# ખડગેએ હરિયાણા વિધાનસભાની ચૂંટણીના પરિણામો પર સવાલ ઉઠાવ્યા

### તેમણે કહ્યું, પીએમ મોદીની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે

નવી દિલ્હી,તા.૧૨

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો પર સવાલ ઉઠાવ્યા છે. આ દરમિયાન તેમણે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, પીએમ મોદીની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે. પીએમ એવા લોકોને સમર્થન આપે છે જેઓ લઘુમતીઓને ધમકાવતા હોય છે. તેઓ દેશની વાત કરતા નથી.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપના પ્રદર્શન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, અમે હરિયાણામાં શું થયું તેનો રિપોર્ટ માંગી રહ્યા છીએ, રિપોર્ટ આવ્યા બાદ બધુ બહાર આવશે. આખો દેશ કહી રહ્યો હતો કે કોંગ્રેસ જીતશે, ભાજપના નેતાઓ પણ કહી રહ્યા હતા કે કોંગ્રેસ જીતશે. બધાએ જે કહ્યું તે છતાં શું કારણ હતું જેના કારણે હાર થઈ? કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, હરિયાણામાં કોઈ ગઠબંધન સાથી નહોતું, જમ્મુ અને કાશ્મીરમાં INDIA ગઠબંધન છે. હરિયાણામાં આવું કોઈ ગઠબંધન ભાગીદાર નહોતું. જો આપણે જીતીએ તો ઘણા લોકો તેનો શ્રેય લે છે અને જો આપણે હારીએ તો ઘણા લોકો ટીકા કરે છે. હરિયાણા વિધાનસભા ચૂંટણી સિવાય પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક અવસરે કોંગ્રેસને શહેરી નકસલ ગણાવી છે. આના પર તેમણે કહ્યું, PM જેઓ બૌદ્ધિક છે તેમને શહેરી નકસલ કહે છે. તેમની પોતાની પાર્ટી આતંકવાદીઓની પાર્ટી છે, આ પાર્ટી આદિવાસી લોકોની લિંચિંગ અને રેપ કરનારાઓને સમર્થન આપે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે કહ્યું કે, જ્યાં પણ તેમની (ભાજપ) સરકાર છે, ત્યાં એસસી વર્ગ પર અત્યાચાર થાય છે, આદિવાસીઓ પર અત્યાચાર થાય છે, તેના ઉપર તેઓ પણ આવું બોલે છે. તમે તમારી સરકારને નિયંત્રિત કરી શકો છો, પરંતુ પીએમ મોદીને આવું કહેવાની આદત છે. દેશ વિશે ઓછું બોલો, લોકો વિશે ઓછું, પાર્ટી વિશે વધુ બોલો આરએસએસ ચીફ મોહન ભાગવતે શનિવારે (૧૨ ઓક્ટોબર ૨૦૨૪) બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારનો ઉલ્લેખ કર્યો હતો. આના પર કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કહ્યું કે, કોઈ પણ દેશે અત્યાચાર ન કરવો જોઈએ. જેમ આપણે લઘુમતીઓનું રક્ષણ કરીએ છીએ, તેમ તેમની પણ જવાબદારી છે. જો તેઓ આમ નહીં કરે તો સારું નથી. જે લોકો આવું કરે છે તેઓ ભાગલા પાડી રહ્યા છે. ભાગવત પોતે જ વિસંવાદિતા ઈચ્છે છે, તમે બંધારણની વાત કરો છો, તમે અનામતની વાત કરો છો અને હવે તમે બીજાને શાણપણ શીખવો છો.

# બાબરામાં આવેલ મેલડી માતાજીના મંદિરે નવરાત્રી મહોત્સવની ઉજવણી



બાબરા, તા. ૧૨

બાબરા માતાજીના ભકત રાજુભાઈ જેઢવા દ્વારા ઘણા વર્ષોથી નવરાત્રીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૨૫૦૦ જેટલી બળાઓ રાસ રમવા આવે છે . અને તમામ બાળાઓ ને ઈનામ પણ રાજુભાઈ જેઠવા દ્વારા આપવામાં આવે છે. બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પણ માતાજીના દર્શન કરવા ગયા હતા. રાજુભાઈ જેઠવા દ્વારા ધારાસભ્ય નું સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ભાજપનાં આગેવાનો પણ સાથે રહ્યા હતા.

## રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન કાર્યક્રમમાં જોડાયા

# દેશભરમાં દશેરાની ઉજવણી, લાલ કિલ્લામાં રાવણ દહન

### રાષ્ટ્રપતિ મુર્મૂ અને વડાપ્રધાન સાંજના સમયે દિલ્હીમાં શ્રી ધાર્મિક લીલા સમિતિ દ્વારા આયોજીત દશેરા ઉત્સવમાં જોડાયા હતા

નવી દિલ્હી, તા.૧

દેશ અને દુનિયાભરમાં શનિવારે જ્યારે ભારતીયો દશેરા અને દુર્ગા પૂજા મનાવી રહ્યા છે ત્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી મોદીએ હાર્દિક શુભકામનાઓ આપી છે. દશેરાના અવસર પર લાલ કિલ્લાના માધવદાસ પાર્કમાં રાવણ, મેઘનાદ અને કુંભકર્ણના પૂતળાનું દહન કર્યું છે. આ દરમ્યાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા હતાં.

રાષ્ટ્રપતિ મુર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંજના સમયે દિલ્હીમાં શ્રી ધાર્મિક લીલા સમિતિ દ્વારા આયોજીત દશેરા ઉત્સવમાં જોડાયા હતા. આ કાર્યક્રમ સાંજના ૫.૩૦ કલાકે શરુ થયો હતો. છેલ્લા ૮-૧૦ દિવસથી ચાલી રહેલા ૧૦૧ વર્ષ જૂની રામલીલાનું સમાપન સાથે પુતળા દહનનો કાર્યક્રમ રાખ્યો હતો.

આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને વિજયાદશમીની શુભકામનાઓ આપી હતી. તેમણે એક્સ પર કહ્યું કે, હું કામના કરુ છું કે આપ તમામ મા દુર્ગા અને પ્રભુ શ્રી રામના આશીર્વાદથી જીવનના દરેક ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરો. અધર્મ પર ધર્મના વિજયનું પ્રતીક વિજયાદશમીનો પર્વ અમદાવાદમાં આજે અને કાલે કેટલાય મંદિરો, સંગઠનો દ્વારા ધામધૂમથી મનાવામાં આવશે. શહેરમાં ૧૦થી વધારે જગ્યાએ ૧૦ ફુટથી ૬૦ ફુટ સુધીના રાવણના પુતળાનું દહન આતશબાજી સાથે કરવામાં આવશે. અમદાવાદના ઈસ્કોન મંદિર, કર્ણાવતી ક્લબ, સાબરમતી રેલવે મેદાનમાં આજે રાવણના પુતળા દહન થશે. તો વળી કાલે કૃષ્ણ મંદિર, નાગરવેલ હનુમાન, મણિનગર રેલવે કોલોની સહિતની જગ્યા પર રાવણનું પુતળા દહન થશે.

## સીએમ યોગી આદિત્યનાથે આ અંગે આદેશ જારી કર્યો

# યુપી સરકાર ૧.૮૫ કરોડ લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડર આપશે

### દિવાળી ઉપર ઉત્તર પ્રદેશ સરકાર પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડર આપશે

લખનૌ, તા.૧૨

દિવાળી પહેલા ઉત્તર પ્રદેશની યોગી સરકાર મહિલાઓને મોટી ભેટ આપવા જઈ રહી છે. આ વર્ષે દિવાળી પર, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ, યુપી સરકાર ૧.૮૫ કરોડ લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડર આપશે. આ અંગે સીએમ યોગી આદિત્યનાથે આદેશ જારી કરીને અધિકારીઓને દિવાળી પહેલા તમામ પ્રકારની વ્યવસ્થા કરવા માટે નિર્દેશ આપ્યો છે જેથી તમામ લાભાર્થીઓને સમયસર આ યોજનાનો લાભ મળી શકે. યુપીના સીએમ યોગી આદિત્યનાથે પોતાના આદેશમાં કહ્યું કે, દિવાળીના અવસર પર 'પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'ના તમામ લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડરનું વિતરણ કરવામાં આવનાર છે.આ અંગેની તમામ ઔપચારિકતાઓ સમયસર પૂર્ણ થવી જોઈએ. દરેક કિસ્સામાં, દિવાળી પહેલા તમામ લાભાર્થીઓના ઘરે એલપીજી સિલિન્ડર ઉપલબ્ધ હોવા જોઈએ. આ વર્ષે, યુપી સરકાર પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ દિવાળી પર ૧.૮૫ કરોડ લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડર આપશે.

ગયા વર્ષે આ યોજના હેઠળ ૮૫ લાખ મહિલા લાભાર્થીઓને મફત એલપીજી સિલિન્ડર મળ્યા હતા. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ, દિવાળી સિવાય, હોળી પર મફત એલપીજી સિલિન્ડર પણ આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ કેન્દ્ર સરકાર એલપીજી સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાની સબસિડી આપી રહી છે, જ્યારે બાકીના પૈસા રાજ્ય સરકાર આપશે. આ યોજના હેઠળ, ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓએ પહેલા એલપીજી સિલિન્ડર મેળવવું પડશે. આ પછી સબસિડીની રકમ તેમના ખાતામાં મોકલવામાં આવશે. જો કે, બેંક એકાઉન્ટને આધાર કાર્ડ સાથે લિંક કરવું પડશે.

## દુનિયાભરના હિન્દુઓને એકજૂથ થવાની અપીલ કરી

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રમુખ મોહન ભાગવતે શસ્ત્ર પૂજા કરી

### મહારાષ્ટ્રના નાગપુર સ્થિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલય ખાતે વિજયાદશમીનો કાર્યક્રમ ઉજવાયો હતો

નાગપુર, તા.૧૨

મહારાષ્ટ્રના નાગપુર સ્થિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલય ખાતે વિજયાદશમીનો કાર્યક્રમ ખુબ ધૂમધામથી ઉજવાઈ રહ્યો છે. આ અવસરે સ્વયંસેવકોએ પથ સંચાલન કર્યું. સંઘ પ્રમુખ મોહન ભાગવતે પોતે શસ્ત્ર પૂજા કરી. વિજયાદશમીના અસરે તેમણે સ્વયંસેવકોને સંબોધન પણ કર્યું. તેમણે પોતાના સંબોધનમાં દુનિયાભરના હિન્દુઓને એકજૂથ થવાની અપીલ કરી છે. તેમણે બાંગ્લાદેશમાં હિન્દુઓની હાલત અને ભારત વિરુદ્ધ ફેલાવવામાં આવેલી રહેલું નરેટિવ સમજાવતા કહ્યું કે, આજના જમાનમાં દુર્બળ અને અસંગઠિત રહેવું એ અપરાધ છે, આથી પોતાને બચાવવા માટે સંગઠિત રહેવું જરૂરી છે. નાગપુરના રેશિમબાગ મેદાનમાં સવારે ૭.૪૦ વાગે કાર્યક્રમની શરૂઆત થઈ. વાર્ષિક સંબોધન દરમિયન સંઘ પ્રમુખ મોહન ભાગવતે અનેક મુદ્દાઓ પર પોતાનો મત રજૂ કર્યો. વિજયા દશમીના અવસરે દેશના કરોડો સ્વયંસેવકોએ શસ્ત્ર પૂજા કરી.

ભાષણની મહત્વની વાતો...

૧. બાંગ્લાદેશ સાથે કોઈ વેર નથી. બાંગ્લાદેશને કોણ ભડકાવે છે તે બધા જાણે છે.

૨. બાંગ્લાદેશી હિન્દુઓની હાલત ખરાબ છે. જ્યાં જ્યાં હિન્દુ ત્યાં વિભાજન થયું.

૩. હિન્દુઓએ સંગઠિત રહેવું પડશે. સંસ્કારનું નિર્માણ પણ જરૂરી છે.

૪. સમાજની સમસ્યાઓ સુધારવી જરૂરી છે. ૫. મનીષિયોએ કોઈની સાથે ભેદભાવ કર્યો નથી. (જાતિના આધાર પર જૂદા ન થાઓ...એકજૂથ રહો)

૬. વસુધૈવ કુટુંબકમને દુનિયા સ્વીકારી રહી છે. ૭. અનેક શક્તિઓ ભારત વિરોધી આવામાં દુર્બળ અને અસંગઠિત રહેવું એ ગુનો. આ સમારોહમાં ઈસરોના પૂર્વ પ્રમુખ રાધાકૃષ્ણનન મુખ્ય અતિથિ તરીકે સામેલ થયા. ૧૯૨૫માં આરએસએસની સ્થાપના ડોક્ટર કેશવ બલિરામ હેડગેવારે દશેરાના દિવસે કરી હતી. દર વર્ષે સંઘના સ્વયંસેવકો વિજયાદશમીનો આ ઉત્સવ આ જ રીતે ખુબ ધૂમધામ અને હર્ષોઉલ્લાસથી ઉજવે છે. આ સંઘનો સૌથી મહત્વનો કાર્યક્રમ છે.

# ગુજરાત યુનિવર્સિટીની ૧૫મી ઓક્ટોબરથી શરૂ થતી બી.કોમ. સેમે.૩ની પરીક્ષા સ્થગિત

### સ્થગિત કરાયેલી પરીક્ષા દિવાળી પછી ૧૧મી નવેમ્બરથી લેવામાં આવશે

અમદાવાદ,તા.૧૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આગામી ૧૫મી ઓક્ટોબરથી લેવામાં આવનારી બી.કોમ. રેગ્યુલર અને એક્સટર્નલ સેમેસ્ટર ૩ની પરીક્ષા હાલ પૂરતી સ્થગિત કરીને આગામી ૧૧મી નવેમ્બર એટલે કે દિવાળી પછી લેવાનું નક્કી કરાયું છે. આમ, હવે સેમેસ્ટર ૩ની પરીક્ષા અંદાજે માસ જેટલી મોડી લેવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં આર્ટસ, કોમર્સ, સાયન્સ સહિતની વિવિધ પરીક્ષાઓ ૧૧મી ઓક્ટોબરથી શરૂ કરવાની જાહેરાત કરી હતી. જોકે, આજે યુનિવર્સિટી દ્વારા સત્તાવાર એવી જાહેરાત કરવામાં આવી હતી કે, આર્ટસ, કોમર્સ, સાયન્સ સહિતની કોલેજો પૈકી આગામી ૧૫મી ઓક્ટોબરથી બપોરે ૩થી ૫-૩૦ દરમિયાન જે બી.કોમ. રેગ્યુલર અને એક્સટર્નલ સેમેસ્ટર ૩ની પરીક્ષા લેવામાં આવનાર હતી તે અનિવાર્ય સંજોગોના કારણે સ્થગિત કરવામાં આવી છે. હવે આ પરીક્ષા આગામી ૧૧મી નવેમ્બર એટલે કે દિવાળીના વેકેશન પછી લેવામાં આવશે. સૂત્રો કહે છે કે, આ દિવસો દરમિયાન જીપીએસસી દ્વારા વર્ગ ૨ની વિવિધ પરીક્ષાઓ લેવામાં આવનાર હોવાથી આ પરીક્ષા આપતાં ઉમેદવારોની બેઠક વ્યવસ્થા જુદી જુદી કોલેજોમાં રાખવામાં આવે છે. જેના કારણે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ આપતાં વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થાની મુશ્કેલી ઊભી થાય તેમ હોવાથી યુનિવર્સિટી દ્વારા પરીક્ષા પાછળ લઈ જવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ કે, યુનિવર્સિટીના આ નિર્ણયના કારણે હવે વિદ્યાર્થીઓએ દિવાળી પહેલા અને નવરાત્રિ પછી જે પરીક્ષા આપી દેવાની હતી તે આપવા માટે દિવાળી પછી ૧૫મી ઓક્ટોબર સુધી રાહ જોવી પડશે. આ ઉપરાંત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોએ નિયમ પ્રમાણે યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓને પ્રાથમિક્તા આપવાના બદલે જીપીએસસી કે અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓને મહત્ત્વ આપી રહ્યા છે. સૂત્રો કહે છે કે, અન્ય સરકારી કે ખાનગી પરીક્ષાઓના સંચાલન અને આયોજન માટે વધારે રૂપિયા મળતાં હોવાથી અનેક કોલેજ સંચાલકો કે કેટલાક આચાર્ય આ પ્રકારની પરીક્ષાઓના આયોજનમાં વિશેષ ધ્યાન અને પ્રાથમિક્તા આપી રહ્યા છે. જેના કારણે ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી કોલેજો સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓએ પરીક્ષાની તૈયારી પૂર્ણ કર્યા પછી પણ અંદાજે એક મહિના જેટલો સમય રાહ જોવી પડશે. આ ઉપરાંત નવા શૈક્ષણિક સત્રના પ્રારંભમાં પણ મુશ્કેલી ઊભી થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

## હરિયાણાની ૨૦ બેઠકોમાં ગરબડ થઈ : કોંગ્રેસ

# ઈવીએમની બેટરીમાં લોચો, કોંગ્રેસે ચૂંટણી પંચને કરી ફરિયાદ

નવી દિલ્હી, તા.૧૨

હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસે હવે ઈવીએમ પર સવાલો ઊઠાવવાનું શરૂ કરી દીધું છે. કોંગ્રેસ નેતા પવન ખેડાએ જણાવ્યું હતું કે, 'પક્ષે ચૂંટણી પંચને ૨૦ બેઠકોની યાદી મોકલી છે, જ્યાં તાજેતરમાં યોજાયેલી હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં મત ગણતરી દરમિયાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પર ઉમેદવારોએ લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે.' ઈવીએમ બેટરી પર સવાલ ઊઠાવતા કોંગ્રેસ નેતા પવન ખેડાએ જણાવ્યું હતું કે, 'અમે ચૂંટણી પંચને ૨૦ બેઠકોની યાદી મોકલી છે, જેના વિશે અમારા ઉમેદવારોએ ૯૯ ટકા બેટરી ચાર્જ થવાની લેખિત અને મૌખિક ફરિયાદો કરી છે. મતગણતરીના દિવસે આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો,

આ એક વિચિત્ર સંયોગ છે કે જે મશીનો ૯૯ ટકા બેટરી ચાર્જ કરતા હતા તે જ મશીનો હતા જેના પર કોંગ્રેસને હારનો સામનો કરવો પડ્યો હતો. ૬૦-૭૦ ટકા બેટરી ચાર્જવાળી મશીનો એવી હતી જેના પર કોંગ્રેસ જીતી હતી. આવું કેમ થયું?'

કોંગ્રેસના નેતા જયરામ રમેશે ચૂંટણી પંચને એક મેમોરેન્ડમ સુપરત કર્યું અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યું, 'નવમી ઓક્ટોબરે કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓએ ચૂંટણી પંચને ફરિયાદોથી ભરેલું મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. આને આગળ વધારતા, આજે અમે હરિયાણાની ૨૦ વિધાનસભા મતવિસ્તારોમાં ચૂંટણી પ્રક્રિયામાં ગંભીર અને સ્પષ્ટ અનિયમિતતાઓને હાઈલાઈટ કરતું અપડેટેડ મેમોરેન્ડમ આપ્યું છે. અમને આશા છે કે ચૂંટણી પંચ આ અંગે સંજ્ઞાન લેશે અને યોગ્ય સૂચનાઓ જારી કરશે.' ચૂંટણી પંચના અધિકારીઓ સાથે કોંગ્રેસના નેતાઓની બેઠક બાદ પવન ખેરાએ કહ્યું હતું કે, 'મતગણતરીના દિવસે કેટલાક મશીનો ૯૯ ટકા અને અન્ય સામાન્ય મશીનો ૬૦-૭૦ ટકા પર હતા.

અમે માગણી કરી હતી કે જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે મશીનોને સીલ અને સુરક્ષિત રાખવામાં આવે. અમે ચૂંટણી પંચને એમ પણ કહ્યું કે અમે બાકીની ફરિયાદો આગામી ૪૮ કલાકમાં તેમની સમક્ષ રજૂ કરીશું.'

## બેઠકમાં વચ્ચેથી નીકળવા અંગે અજિત પવારે કહ્યું

# શિંદે અથવા મહાયુતિમાં કોઈની વચ્ચે કોઈપણ અણબનાવ નથી

### કોંગ્રેસના વિપક્ષી નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું કે અજિત પવારને સાઇડલાઇન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે

મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રમાં સત્તાધારી ગઠબંધનના ઘટક પક્ષો વચ્ચે ચાલી રહેલી અણબનાવની અટકળોને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ફગાવી દીધી છે. તેમણે શુક્રવારે કહ્યું કે તેઓ લાતુરમાં ખેડૂતોના કાર્યક્રમમાં હાજરી આપવા ગુરુવારે કેબિનેટની બેઠકમાંથી વહેલા નીકળી ગયા હતા. તેમણે કહ્યું કે તેમની અને સીએમ એકનાથ શિંદે અથવા મહાયુતિમાં કોઈની વચ્ચે કોઈ અણબનાવ નથી.

દરમિયાન, વિપક્ષ મહા વિકાસ આઘાડીએ આ મુદ્દે રાજ્ય સરકારને આડે હાથ લીધી હતી. કોંગ્રેસના વિપક્ષી નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું કે અજિત પવારને સાઈડલાઈન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગુરુવારે, એવું કહેવામાં આવ્યું હતું કે અજિત પવાર કેબિનેટની બેઠક વહેલી છોડીને ગયા હતા અને ૩૮ નિર્ણયો પાછળથી લેવામાં આવ્યા હતા. ત્યાં હાજર વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું કે જ્યારે મોટા નાણાકીય નિર્ણયો લેવામાં આવ્યા હતા, ત્યારે નાણાં વિભાગનો હવાલો સંભાળતા અજિત પવાર ગાયબ હતા. અજિત પવારે કહ્યું, કેબિનેટની બેઠક મોડી શરૂ થઈ અને મારે અગાઉ નક્કી કરેલી બેઠક માટે રવાના થવું પડ્યું. કેબિનેટની બેઠક સવારે ૧૧ વાગ્યે શરૂ થવાની હતી, પરંતુ તે મોડી શરૂ થઈ. તેમને નાંદેડ પહોંચવા માટે ફ્લાઈટ લેવી પડી અને પછી ખેડૂતોની બેઠકમાં હાજરી આપવા માટે હેલિકોપ્ટર દ્વારા અહેમદપુર જવાનું હતું તેથી તેમણે સીએમ એકનાથ શિંદે અને ડીસીએમ ફડણવીસને જાણ કરી અને પછી ત્યાંથી ચાલ્યા ગયા હતા. રમિયાન ફરી વડેટ્ટીવારે કહ્યું, એ વાત પ્રકાશમાં આવી રહી છે કે કેબિનેટ બેઠકોમાં હંમેશા વિવાદો થાય છે, પરંતુ આ વિવાદ રાજ્યના હિત માટે નથી. આ વિવાદ સ્વાર્થ માટે છે. તિજોરીમાં પૈસા ન હોવા છતાં. ૮૦ નિર્ણયો તાજેતરમાં લેવામાં આવ્યા હતા જેથી અજિત પવારે કેબિનેટની બેઠકમાંથી બહાર નીકળવાનો નિર્ણય લીધો હતો.

## કેનેડાના સંબંધો અંગે આપ્યું મોટું નિવેદન

# કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ મોદી સાથે મુલાકાત કરી

### કેનેડાએ ભારત સાથે તેના વેપાર સંબંધો અને લોકો વચ્ચેના સંબંધો વિકસાવવાનું ચાલુ રાખવાની જરૂર છે : ટ્રૂડો

નવી દિલ્હી,તા.૧૨

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ શુક્રવારે જણાવ્યું હતું કે તેઓ લાઓસમાં આસિયાન સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બે દેશો કેનેડા અને ભારત વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો તરફ ઈશારો કરતા જસ્ટિન ટ્રૂડોએ કહ્યું કે અમારે જે કામ કરવાની જરૂર છે તે અંગે ચર્ચા થઈ હતી. જસ્ટિન ટ્રૂડોએ લાઓસમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, મેં ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણે થોડું કામ કરવાની જરૂર છે. અમે જે વિશે વાત કરી છે તેના વિશે હું વિગતમાં જવાનો નથી, પરંતુ મેં ઘણી વાર કહ્યું છે કે કેનેડિયનોની સુરક્ષાનું રક્ષણ કરવું અને કાયદાનું શાસન જાળવવું એ કોઈપણ કેનેડિયન સરકારની મૂળભૂત જવાબદારીઓમાંની એક છે. આના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખો.

વધુમાં જસ્ટિન ટ્રૂડોએ જણાવ્યું હતું કે કેનેડાએ ભારત સાથે તેના વેપાર સંબંધો અને લોકો વચ્ચેના સંબંધો વિકસાવવાનું ચાલુ રાખવાની જરૂર છે, પરંતુ કેટલાક વાસ્તવિક મુદ્દાઓ છે જેને આપણે ઉકેલવાની જરૂર છે અને અમે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીશું. ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા અને ભારત સરકાર દ્વારા વોન્ટેડ હરદીપ સિંહ નિજ્જર જૂન ૨૦૨૩ માં કેનેડાના સરેમાં ગોળીબારમાં માર્યા ગયા હતા.

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ દાવો કર્યો હતો કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હોવાના વિશ્વસનીય આરોપો છે. ભારતે ટ્રૂડોના આરોપોને વાહિયાત અને પ્રેરિત ગણાવીને ફગાવી દીધા હતા. નિજ્જરની હત્યાના સંબંધમાં ચાર ભારતીય નાગરિકો પર હત્યા અને ષડયંત્રનો આરોપ મૂકવામાં આવ્યો છે. કેનેડાના આરોપો બાદ અમેરિકાએ પણ કહ્યું કે તે ભારત સાથે જોડાયેલા ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની કથિત હત્યાના કાવતરાની તપાસ કરી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૩ માં સીલ ન કરાયેલ યુએસ દસ્તાવેજમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ભારતમાં સત્તાવાળાઓએ નિખિલ ગુપ્તા નામના ડ્રગ ડીલરને ન્યૂયોર્કમાં પન્નુને મારવા માટે હિટમેનને ભાડે આપવાં ૧૦૦,૦૦૦ની ઓફર કરી હતી. ભારતે એમ પણ કહ્યું કે તેણે આરોપોની તપાસ શરૂ કરી દીધી છે.




નવરાત્રિમાં માતાજીનાં વાહનનાં મોતથી અરેરાટી

# ધારીની સરસીયા રેન્જમાં ૧૩ વર્ષનાં સિંહનું ૨ પાઠડાનાં હુમલાથી મોત થયું

## સિંહપ્રેમીઓએ બનાવની તટસ્થ તપાસની કરી માંગ

ધારી, તા. ૧૨

ધારીનજીકનોરતાદરમ્યાન માતાજીના વાહન એવા સિંહનુ ઈનફાઈટમાં બે દિવસ અગાઉ મોત થયાનુબહારઆવ્યુછે. જોકેવનતંત્ર જેને ઈનફાઈટ કહેછેતેમોતશંકાસ્પદહોવાનુ વનપ્રેમીઓ કહીરહ્યાછે અને તપાસની માંગ કરીરહ્યાછે.

ધારીની સરસીયા રેન્જ હેઠળના રાભડવાવ વિસ્તારમાં ધારી નજીક કુબડા ૬૬ કે.વી. પાસે બે દિવસ અગાઉ એક અફલાતુન ડાલામથ્થા સિંહનુ મોત થયુ હતુ. આ ૧૩ વર્ષનો સિંહ અહિ પોતાની ટેરેટરી બનાવતો હોય અહિ જ વસવાટ કરતા બે પાઠડા સિંહોએ તેના પર હુમલો કરી પીઠ અને મોઢાના ભાગે ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ આ સિંહ ઘટનાસ્થળથી દુર નેરામા જઈ બેસી ગયો હતો અને માથે વરસાદ પડતા બોડી ડિકમપોસ થવા લાગી હતી. જે બાદ વનતંત્રને જાણ થતા તપાસ હાથ ધરી તેનુ પી.એમ. કરતા મોત ઈન્ફાઈટમાં થયાનુ જણાવ્યુ હતુ તેમજ વનપ્રેમીઓ આ સમગ્ર વાત કર્યા બાદ સિંહનુ મોત થયાનુ બહાર આવ્યુ હતુ અને જાહેર થયુ હતુ. (અગાઉ સિંહના મોતની માહિતી અમુક કિસ્સામા જાહેર કરાતી હતી).

આ સિંહનુ મોત ઈકો સેનસીટીવ ઝોનના વિરોધમાં ધારી ખાતે સભા યોજાય તે જ દિવસે થયુ હતુ. તેમજ વનપ્રેમીઓ આ સિંહનુ મોત શંકાસ્પદ લાગતુ હોય તમામ પાસાની ફેર તપાસ કરવા માંગ કરવામા આવી છે. કેમકે અનેકવાર સિંહના મોત ઈન્ફાઈટ જ ખપાવી દેવામાં આવે છે.




સાતેક વર્ષથી વિવિધ બીમારીમાં સંડોવાયા હોય

# અમરેલીનાં મોટા આંકડીયામાં નદીનાં કાંઠે યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

## અમરેલીથી પોતાના ગામ સુલતાનપુર જતાં માર્ગમાં ઝેર પીધુ

અમરેલી, તા. ૧૨

ગોંડલ તાલુકાના સૂલતાનપુર ગામે રહેતા પરશોત્તમભાઈ બચુભાઈ વઘાસીયાના દિકરા વિજયભાઈ (ઉ.વ. ૩૮) ને છેલ્લા સાતેક વષથી માનસીક રોગ તથા હૃદય રોગની બીમારી હોય અને તેની સારવાર તથા દવા ચાલુ હોય અને વિજયભાઈ તા. ૧૦ના રોજ અમરેલી ગયેલ હોય અને અમરેલીથી પરત પોતાના ઘરે સુલતાનપુર પોતાનું મોટર સાયકલ લઈ આવતા હોય. તેદરમ્યાન મોટા આંકડીયા ગામે નદીના કાંઠે તા. ૧૦ના રોજ સાંજના ૭:૪૫ થી તા. ૧૧ ના સવારે ૯:૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાની બીમારીથી કંટાળી જઈ પોતાની મેળે કોઈ ઝેરી દવા પી જતા વિજયભાઈનું મોત નિપજયું હતું.

બજારમાં મિઠાઈનાં વેચાણ તે સમયે દે ધનાધન

# અમરેલીમાં દશેરાની સમી સાંજે થોડી જ મિનિટોમાં અર્ધો ઈંચ જેટલો વરસાદ પડયો

## સતત વરસાદી માહોલથી રોગચાળાનો ખતરો ઉભો થયો

અમરેલી, તા. ૧૨

અમરેલીમાં નવરાત્રી સંપન્ન થતાં લોકો દ્વારા આજે દશેરાની ઉજવણી કરવામાં મશગુલ હતાં ત્યારે સાંજના સમયે અચાનક જ વરસાદે દે ધનાધન શરૂ કરતાં શહેરભરના મીઠાઈના વેપારીઓ તથા મીઠાઈ ખરીદવા નીકળેલા લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. ત્યારે અમરેલી શહેરમાં અર્ધા ઈંચ જેટલાં વરસાદથી શહેરના રાજમાર્ગો ઉપર પાણી ભરાય જવા પામ્યા હતાં.

અમરેલીમાં આજે દશેરાના પ્રસંગે સાંજના સમયે બજારમાં ખરીદીમાં નિકળ્યા હતાં ત્યારે સાંજે અચાનક જ વરસાદે દે ધનાધન શરૂ કરતાં તહેવારની ઉજવણીના રંગમાં ભંગ પડયો હતો.

અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી રોગચાળાએ માથું ઉચકયું છે. ઘરે ઘરે તાવ, શરદી, ઉધરસના કારણે સરકારી તથા ખાનગી દવાખાના ઉભરાય રહયા છે. ત્યારે છેલ્લા કેટલાંક દિવસોથી વાદળછાંયા વાતાવરણ વચ્ચે આજે પડેલા વરસાદથી રોગચાળો વધુ વકરી શકે છે. અમરેલી શહેરમાં સાંજે ૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે.






















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)